# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# SOMNATH SWABHIMAN PARVA

પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં આવતીકાલથી 11 તારીખ સુધી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરાશે. અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ આગામી 11 તારીખે સોમનાથ મહાદેવ મંદિરના દર્શનાર્થે આવશે અને આ ઉજવણીમાં જોડાશે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ પર્વ માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ચાર દિવસના કાર્યક્રમમાં આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓની શ્રેણી રજૂ કરાશે. અધિકારીઓએ જણાવ્યું , આ પ્રસંગ "સોમનાથ સ્વાભિમાન પર્વ" હેઠળ એક વર્ષ લાંબા કાર્યક્રમની શરૂઆત કરશે.

. . .

# POLICE LEAVE CANCEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજ્ય પ્રવાસને લઈ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની આજથી 12 તારીખ સુધીની તમામ રજા રદ કરવામાં આવી છે. રાજ્યના ઇન્ચાર્જ DGP ડૉ. કે. એલ. એન. રાવ દ્વારા જાહેર કરાયેલા પરિપત્ર મુજબ, જે કર્મચારીઓ હાલ રજા પર છે તેમને તાત્કાલિક ફરજ પર હાજર થવા સૂચના અપાઈ છે.

પ્રધાનમંત્રીના વિવિધ જિલ્લા અને શહેરમાં યોજાનારા કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા આ નિર્ણય લેવાયો છે.

. . . . . . . . . . . . .

# TECHINCAL PSI RECRUITMENT

રાજ્યના પોલીસ ભરતી બોર્ડે 950 ટેકનિકલ જગ્યાઓ માટે ભરતી બહાર પાડી છે. ઉમેદવારો 9 જાન્યુઆરીથી 29 જાન્યુઆરી સુધી ઓનલાઈન અરજી કરી શકશે. સત્તાવાર જાહેરાત મુજબ પોલીસ ભરતી બોર્ડે વાયરલેસ અને મોટર ટ્રાન્સપોર્ટ વિભાગ હેઠળ વર્ગ-3 ટેકનિકલ જગ્યાઓ માટે ભરતી કરાશે , જેમાં વાયરલેસ વિભાગમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર- PSIની 172 અને ટેકનિકલ ઓપરેટરની 698 મળી 870 જગ્યાઓ છે. જ્યારે મોટર ટ્રાન્સપોર્ટ વિભાગમાં PSIની 35 અને હેડ કોન્સ્ટેબલ ડ્રાઈવર મિકેનિકની 45 મળી 80 જગ્યાઓ માટે ભરતી થશે.

આ જગ્યાઓ માટે ઇલેક્ટ્રોનિક્સ , કોમ્યુનિકેશન, આઈટી, કોમ્પ્યુટર સાયન્સ, ઓટોમોબાઈલ અને મિકેનિકલ જેવા ઈજનેરી અને ટેકનોલોજીના પ્રવાહોમાં પદવી કે ડિપ્લોમા ધરાવતા ઉમેદવારો અરજી કરી શકશે.

. . . .

# GNR POST OFFICE AADHAAR

ગાંધીનગરના સેક્ટર 17માં આવેલી ટપાલ કચેરીમાં આધાર સેવા કેન્દ્રનો પ્રારંભ થયો છે. આ કેન્દ્ર પર લોકોને સવારે આઠ વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી સેવા મળશે. કેન્દ્રનો પ્રારંભ કરાવતા પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે કહ્યું , આ કચેરીમાં આધાર નોંધણી તથા બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે.

(બાઈટઃ કૃષ્ણકુમાર યાદવ)

. . . . . .

# SURAT MD DRUGS

સુરત S.O.G પોલીસે કેફી પદાર્થ બનાવવાની પ્રયોગશાળા પકડી પાડી છે. પુણા વિસ્તારમાં ચાલતી આ પ્રયોગશાળામાં ત્રણ લોકો કેફી પદાર્થ બનાવી તેનું વેચાણ કરતા હતા. આ અંગેની માહિતી મળતા SOG પોલીસે પ્રયોગશાળામાંથી તમામ સામાન કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . .

# MEHSANA RBSK

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ગંભીર બીમારી ધરાવતા 300થી વધુ બાળકો શોધી કાઢવામાં આવ્યા છે. જેમાં જન્મજાત હૃદય રોગની ખામી ધરાવતા 264 બાળકો મળી આવ્યા. જેમાંથી હૃદય રોગની ગંભીર બીમારી ધરાવતા 64 બાળકોની અમદાવાદની હોસ્પિટલમાં એક કરોડ 28 લાખ રૂપિયાના ખર્ચે સર્જરી કરી તેમને સ્વસ્થ કરાયા છે. જ્યારે 20 બાળકોના કેન્સરની સારવાર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# MEHSANA G RAM G

વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ- VB G RAM G અધિનિયમ 2025 વિકસિત ગામડાની એક નવી રૂપરેખા રજૂ કરશે. આ યોજનાનો ઉદ્દેશ માત્ર મજૂરી કામ થકી વેતન આપવાનો નહીં પણ કૌશલ્ય વિકાસ સાથે ખેતી આધારિત ઉધોગ , પશુપાલ, હસ્તકલાને વેગ આપવાનો છે. આ યોજના અંગે રાજ્યસભાના સાંસદ મયંક નાયકે પ્રતિક્રિયા આપી.

**(બાઈટ: મયંક નાયક, સાંસદ)**

. . . . .

# SASHAKTA NARI MELO

રાજ્યના 31 જિલ્લામાં યોજાયેલા સશક્ત નારી મેળા દ્વારા ચાર કરોડ રૂપિયાથી વધુની કિંમતની સ્વદેશી ઉત્પાદનોનું વેચાણ થયું છે. મેળામાં પાંચ લાખથી વધુ લોકોએ બે હજાર 300થી વધુ હાટડીની મુલાકાત લીધી હતી.
આ મેળાએ રાજ્યભરની મહિલાઓને તેમની હસ્તકળા , હાથસાળ, પરંપરાગત ખાદ્યપદાર્થ, પ્રાકૃતિક ઉત્પાદનો અને સ્વદેશી ઉત્પાદનોના પ્રદર્શન તથા વેચાણ માટે સશક્ત બજાર પૂરું પાડ્યું હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ગુજરાત લાઈવલિહુડ પ્રમોશન કંપની લિમિટેડ – GLPC દ્વારા ગત 18થી 23 ડિસેમ્બર સુધી આ મેળાનું આયોજન કરાયું હતું. વન ડિસ્ટ્રીક્ટ વન પ્રૉડક્ટ યોજના હેઠળ દરેક જિલ્લાની વિશિષ્ટ ઓળખ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

. . . . .

# KUTCH PATANGOTSAV

કચ્છમાં આવેલી વિશ્વ ધરોહર ધોળાવીરામાં આગામી 10 તારીખે પતંગ મહોત્સવ યોજાશે. તેમાં 18 દેશના 45 તથા સાત રાજ્યના 23 પતંગબાજ ભાગ લેવા આવશે. જિલ્લા કલેક્ટરે વિવિધ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજી આ મહોત્સવની તૈયારીઓની સમીક્ષા કરી.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ મહોત્સવ માટેની વ્યવસ્થા માટે કલેક્ટરે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

. . . . . . . .

# GNR TYPHOID CASE

ગાંધીનગરમાં ધારાસભ્ય, શહેર ભાજપ પ્રમુખ, મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ સહિતના મહાનુભાવોએ સિવિલ હૉસ્પિટલની મુલાકાત લીધી. તમામ લોકોએ ટાઈફોઈડના દર્દીઓ સાથે વાતચીત કરી તેમના ખબરઅંતર પૂછ્યા હતા. સાથે જ હૉસ્પિટલમાં અપાતા ભોજનની પણ ચકાસણી કરી હતી.

. . .